Barcode - 99999990869009
Title - Masnavi Pir Shams
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 49
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086900

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૭૮૮૭ वर्गांक

पुस्तकनुं नाम ભારતના રાજ્ય શાસ્ત્ર

विषय ૪૭.૭

# મસનવી

## પીર

# શમ્સ

( મારેફતથી ભરપુર શરીયત તરીકત તથા
હકીકતના અહેવાલ સાથે. )


લેખક તથા પ્રકાશક,

**દાઉદભાઈ સાલેમહમદ.**

પાલખી મોહલ્લો મુંબઈ.



સને ૧૯૧૮. સંવત ૧૯૭૪.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

**કિમ્મત છ આના.**

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજરાતી ... સંગ્રહ
૭૯૯૦

અમદાવાદ.
પીરમોહમદશાહ રોડ ઉપર ધી નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં
લલ્લુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપી.

# અર્પણ પત્રિકા.

---

મીસીસ પ્યારઅલીભાઇ મુરાજ પારપેચા આપ ઘણા નમ્ર

સ્વભાવના તથા ધર્મશીલવૃત્તિ વાળા છો, તે જોઈ

હું આપને ધન્યવાદ આપું છું. વળી આપ

ધર્મના હિતેચ્છુ પણ છો. એવો મારા મનને

ભાસ થયો છે, તેનો આ દાખલો સ્પષ્ટ

મોજુદ છે કે આ અમૃત ઝરણુ ઝરાની

ચોપડીઓ.

ખરીદ કરીને સર્વત્ર ભેટ આપવા માટે દીલસોજી

ધરાવી જ્ઞાનદાન આપવા તતપર થયા છો. તે માટે

હું આપનો મારા ખરા અંતઃકરણથી આભાર માનું છું.

લી. દાઉદભાઇ સાલેમહમદ.

# ગ્રંથ દર્પણ.

ભુતકાળ યુગમાં અધ્યાત્મિક ધનવંતરી હઝરત પીર
શમ્સ સાહેબની સદ્દુપદેશવાળી અમર વાંણી લખી છે,
કે જે વાંણી તે સાહેબે,
જીવન પર્યંત સ્વવર્તનના પ્રયોગવડે અનુભવી
સીદ્ધ કરેલ છે.
તે
તેનાં સદ્દુપયોગ વડે,
અંતર બાંહ્ય વિકારીઓની આત્યંતીક
નિવૃત્તી પૂર્વક, નિત્યનાં સર્વોત્તમ જ્ઞાના
નંદ મય જીવનની પ્રાપ્તી કરવાની
ભલામણ સહીત
તેવી
સત્ય ઉન્નતિનાં આતુર
સર્વ બંધુ બેહેનોને તેમની આતુરતા બદ્દલ
અનેકા અનેક હાર્દિક ધન્યવાદ પૂર્વક
સ્નેહ સમરપીત,

# મહત્વની જાહેર ખબર જરૂર વાંચો.

સત્વર જોઇએ છે સુધારકો,
બીજાઓને નહીં પણ પોતાની જાતનેજ
સુધારવા માટે.
યુની વરસીટીની પદવી જીતનારા નહીં પણ
પોતાના મનનેજ જીતનાર !
અવસ્થાનું ધોરણ વર્ષ પર નહીં પણ જીજ્ઞા
સાની દિવ્યતા અને આનંદનાં યૌવન પર !
પગાર–ઈશ્વર પાસી !
અરજી–દીન યાચનાઓથી ભરેલી નહીં
પણ અધિકાર યુક્ત આજ્ઞા અને
નિશ્ચયને દરશાવનારી !
તરતજ મોકલો,
જગદીશ્વર પોતાનાજ આત્મા પરમુ. તમારા–
હૃદયમાંજ ઠે. સર્વ સ્થળે.

# બીસમિલ્લા હીર રહમાંન અર રહીમ.

હો કીસીસે હમ્દ ચારોં ઉસ ખુદાકી
કે જીસને અર્શ ઔર કુરસી બનાઈ ૧
કીયે ઉસને ફલક બે દરકે પયેદા
અનાસરકો કીયા ઉસમેં હાવયદા ૨
જુદાથે આબ ઔર આતશ ખાક ઔર બાદ
કીયે કુદરતસે બાહમ ચારોં અઝદાદ ૩
ફીર ઉન ચારોસે એક પુતલા બનાયા
કે જીસમેં ભેદ કુદરતકા સમાયા ૪
ફીર ઉસ પુતલેકો વો બાતીન સજાયા
ફીરસ્તોંને ભી જો હરગીઝ ન પાયે ૫
બહોત છાનાહુ હકીંમ વ ફીલસુફોને
ન પાયા ભેદ પર ઉસકા કીસીને ૬
ઝમીનસેં આસમાં તક ખાક ઉડાઈ
હકીકત ભેદકી ઉસકે ન પાઈ ૭
કહાંકા તું હયે ઔર મયે હું કહાંકા
વહી માલક હયે મુલકો જાવેદાંકા ૮
ઈસે સુનકર અગર હયે મર્દ આકીલ
ખુદાકે ખૌફસેં હાવેન ગાફીલ. ૯

# પ્રસ્તાવના.

મસનવી હુઝરત પીરશમ્સ સાહેબની લખી છે વસીલે હઝરત પંજતનપાક સાહેબોને આમીન.

હીઝરી સન સાતસોને સતાવનમાં હુઝરત પીર શમ્સ સાહેબે કુલ મોમીનોના માટે દસ ફસલમા જીસમાની તથા રૂહાનીનો અહેવાલ સ્પષ્ટપણે બતાવ્યો છે. તે ઈલ્મે રૂહાની તથા જીસમાની પર ચાલનાર શખ્સો અવશ્ય તે નુરની પ્રાપ્તી કરી શકશેજ. કારણ કે તે મહાન પ્રતાપી બાહોશ શૂરવીર જ્ઞાની અકલનાં ભંડાર, ઈશ્કના પરીપૂર્ણ, દીલના દયાળુ, સર્વ હીતેચ્છુ પરોપકારી પર્માર્થી સત્યવંતા અતી ધર્મશીલ શમ્સ પીરસાહેબે પોંતે ખુદ તે રસ્તાપર ચાલીને તેનો સંપૂર્ણ લાભ લઈ પછી આપણાં પ્રત્યે પ્રેમની લાગણી ધરાવી ને રસ્તો બતાવ્યો છે માટેજ ઈનશા અલ્લાહ વાંચનારને જરૂર લાભ થવો જોઇયે. હે પ્રેમાળ ધર્મશીલ શખ્સો ધર્મ તરફ આવો, ને સત્ય શોધી અનહદ અસંખ્ય લાભોની પ્રાપ્તી કરી સદા

આપણા પેદા કરનાર નૂરે ઇલાહીને સર્વત્ર જુવો તે પાક પરવરદીગાર કાંઈ આપણાંથી દૂર નથીજ તે આપણી ધોરી નસ કરતાં પણ ઘણોજ નઝદીક છે ત્યારે તેને જોવા માટે આપને કેટલી બધી ઉત્કંઠા રાખવી જોઇયે. આપણાં હ્રુદય સ્થાનમાં કેટલી બધી અજાયબીઓ છુપાઈ રહેલી છે, તે જોવા માટે પ્રયાસ કરો જ્ઞાની જનો જ્ઞાન પ્રત્ય વિચાર કરો ને અનહુદ લાભોનાં ઝરા તરફ વળો. તે ઝરો કયાં આવ્યો હ્રુદયમાં તે ઝરો શું આપણાથી દુર છે ? દેખાતો નથી ? કે દેખાય છે ? હા ! તે ઝરો સર્વમાં વહે છે ! સંચરાચરમાં વ્યાપેલો છે ! હ્રુદય કમળમાં વહે છે ! ત્યારે તેમાંથી અમૃત પીયો ! મારા ધર્મી બંધુઓ મારી ધર્મી બેહનો તમો અખંડાનંદમાં લય થાઓ. તમારા રૂહાનીના સ્વદેશ તરફ વળોને તે દેશમાં અખંડઆનંદ મેળવો તથા સર્વત્ર વ્યાપકને ઓળખો તો તમારા અસંખ્ય દુખોનું નિવારણ થશેજ. માટે આ નાની ચોપડીનાં અંદર જે હીરા માણેક તથા મોતીઓની નદી વહે છે તેને ખરીદ કરી અલભ્ય

લાભ લઇ ખુદાને મેળવો ભાઇઓ આ નાનો જેવો ગ્રંથ છે એ વાત પર લક્ષ ન આપતાં અંદરના લાભ પ્રત્યે દ્રષ્ટિ રાખજો. તથા કીમત પર પણ ખીયાલ ન કરશો કારણ કે અમુલ્ય વસ્તુની સરખામણીમાં આ કીમત કંઈ નથી, તેમ વળી આપણા સાહેબે પણ આવી ઈલ્મની ચોપડીઓ વાંચવા માટે ખાસ ભલામણ કરેલી છે તે વાંચી તેનો સાર લઇને તે પ્રમાણે વર્તી લખનારના હકમાં દુવા ગુજારશો એવી આશા છે. ભાઇયો બોલે તે ભુલે. ને લખે તે ચુકે. એ કહેવત પ્રમાણે આ લેખકનો કાંઈ દોશ જોવામાં આવે તો દરગુઝર કરી ક્ષમા કરશો. ભલા માણસોમાં હમેશાં એજ ગુણ હોય છે.

લી. સેવક,

**દાઉદભાઇ સાલેહમહમદના**

દુવા સલામ.

હઝરત પીરશમ્સ તબરેઝ સાહેબની મસનવી ફુસલ દસ તથા મહાત્મા લોકોનો બયાન સર્વેનો ગુજરાતીમાં તરજુમો કરેલ છે તે સર્વ વાંચવા કૃપા કરશોજી.

# બીસમીલ્લા હીર રહેમાન અર રહીમ.

---

હઝરત પીરશમ્સ ફરમાવે છે કે તમામ દીન તથા દુનીયાનો બાદશાહ પાક ખુદાવંદ આલમીન છે. તેની પહેલાં તારીફ કરૂં છું; કે જે સાહેબે મને અકલ અને દીને ઈસલામની બક્ષીસ કરી છે. દીને ઇસલામનો ખરો અર્થ એ થાયે છે પાક ખુદાવંદને મળવું.

ફરમાવે છે કે તે પાક ખુદાવદ કરીમની તારીફ કર્યા બાદ હઝરતનબી મહમદ મુસતુફા ( સલ ) નાં ઉપર દરૂદ અને સલવાત મોકલું છુ. ફરમાવે છે કે માહાત્માં લોકોનું થોડું બયાન કરૂં છું; તેમાંબી તે પાક ખુદાવંદ આલમીનનાં પાસેથી મદદ માંગું છું. અને વળી તે પાક કરીમનીજ શકતીથી બોલું છું. મહાતમા લોકોની થોડીક હકીકત મેં પરશીયન બા-

ષાની કવીતામાં ગાઈ છે કે જે મને વાજબી અને બરોબર લાગી છે તે તું સાંભળતો રહેજે.

શરાને બરોબર માનતો જા. તો તરીકત કાંઈ શરાથી બાહાર નથી. જો કોઇ માણુસ શરામાં બરોબર પાકો હોય છે તો હકીકત પોતેજ તેને પોતાનો રસ્તો બતાવી આપે છે.

નસીહતનાં રસતામાં પીરોએ ખુશીની ખબર આપી ચાર મંઝીલો લખી બતાવી છે.

એક મંઝીલ તે કે જેનું નામ નાસુત છે. તે રસ્તામાં જનાર માણુસો કે જે હેવાનીયતની આદતોથી ભર્યા હતા તે તેમાંથી નીકળીને સાફ થઇ ગયા.

પીર શમ્સ સાહેબ ફરમાવે છે કે તે મુકામમાંથી જે કોઈ શખ્સ નીકળીને આગળ જાએ તે શખ્સ બીજા રસ્તામાં ફીરસ્તાઓ સુધી પહોંચે છે તે મુકામનું નામ આલમે મલકુત છે. આલમે મલકૂતમાં જ્યારે તે મશહુર થઈ જાયે છે, ત્યારે તેનાં ઉપર મલાયકોનો તથા ફીરસ્તાઓના ને આસમાનનો હાલ

ખુલ્લો થઈ જાય છે, અને તે તેનો માહીતગાર બની જાય છે. ફરી તે માણુસ મલાયેક લોકોની મનઝીલ-માંથી પોતાનો કદમ ઉપાડીને ત્રીજી મનઝીલમાં દા-ખલ થાયે છે તે મુકામનું નામ આલમે જબરૂત છે, જ્યારે તે જગ્યામાં જવાય છે, ત્યારે તેને રૂહાનીના રસ્તામાં અજાએબીઓ માલમ પડે છે. વળી તેની નીશાનીનાં બયાનમાં શું છે ? તો ઘણી અજાએબીઓ જોવામાં આવશે, ને કરામતો જાહેર થશે ! મગર તૂં ત્યાં જરા પણ રોકાતો નહીં ! ત્યાંથી બી આગળ ચાલ, જો કે તને ત્યાં આખી દુન્યાંને આખેરત મળે તો પણ તું બીલકુલ લોભાતો નહીં ! તથા નઝર પણ કરતો નહી કારણ કે તને તેટલામાં સંતોષ કરી બે-સવું વાજબી નથી. તું તો ફક્ત ઝીક્ર રૂપી નુરનાં પાણીથી આગળને આગળજ વધતો જા, તોબાનાં પાણીથી તારા દીલનાં મેલને ધોતો જા. જ્યારે તારૂં દીલને જીવ પાક ખુદાનાં નુરથી સાફ થઈ જશે ત્યારે તું લાહુતની દુન્યામાં પહોંચીશ ! તું જરાબી ડરતો નહીં ! આ ચોથી મનઝીલમાં કોઈ પણ જાતની

(તલાશ) કે શોધ હશે નહીં! ફક્ત ખુદાવંદ તઆલાની સાથે વાત ચીત કર્યા શીવાય.

પીરશમ્સ સાહેબ ફરમાવે છે કે હવે તે મુકામનાં નઝદીકમાં બીજું એક વગર નીશાનીનુ બે નીશાન મુકામ છે તે મુકામનાં અંદર જે જે ચીજો મોજુદ છે તેનાથી વધારે ને તેનાથી જુદીજ તે દુન્યાં છે! તેમાં પાક ખુદાવંદે આલમીનની મદદથી જ્યારે મહાત્માવો પહોંચી જાયે છે ત્યારે તે દરેકે દરેક ચીજનો માલીક થઈ જાયે છે.

## ફસલ પહેલી તૌબાનાં બયાનમાં.

પ્રીય વાંચકો આપણા પીરની આપણા પ્રત્યે કેવી લાગણી છે તે અહીંજ જોવાનું આપણને મળી આવે છે! ફરમાવે છે કે અગર તું હજી સુધી તે રૂહાનીનાં રસ્તામાં પહોંચ્યો ન હો? તો ફરીથી નવે સરથી તોબા શરૂ કર ને તે તોબા કેવી રીતે કરીશ? કે ઉત્તમમાં ઉત્તમ મોતીનાં માફક તારી આંખોમાંથી

પાણી, પાડ, તથા હરેકે હરેકે દમમાં તોબાની આદત કર. પહેલાં તોબા કરવી જોઇયે ને પછી ઇબાદત ! સબબકે તોબા કર્યા વગરની ઇબાદત કરવી તે જાણે ખુદાવંદ આલમીનને ઠગવા બરોબર ગણાય છે. દાખલા તરીકે જેમ એક માણસ કોઇક ગામની મુસાફરી કરવા દુર દરાઝ મુલકમાં જતો હોયે, અને તે વળી જંગલોમાં નીકળી ગયો હોયે, ને ત્યાં તેની પાસે પાણી બી ન હોય ને વળી તેને પાણીની ઘણીજ તરસ લાગી હોય તો તે બીચારો ઘણોજ તરસ્યો માણુસ પાણીની શોધ કરવા આગળને આગળ વધતો જશે. તેને ત્યાં દુરથી ઝાંઝવાનું પાણી નજરે દેખાશે તેમ તેમ તે વધારે ને વધારે આગળ જશે અંતે ત્યાં પહોંચવાથી તેને પાણી તો બીલકુલ મળી શકશે નહી એટલે તે શખ્સ લાચાર ને નીરાશ થઇ પાછો ફરશે. તેવીજ રીતે તોબા કર્યા વગરની બંદગી કરનાર માણુસ પણ નુરી દીદારનાં પાણીની ઇનતેઝારીથી બંદગી કરતો જશે, પણ તોબાનાં પાણીથી દીલનાં મેલને ધોશે નહી હશે તો તે પાક નૂરનુ પાણી પણ તેનાં

હાથમાં આવશે નહીં. પીરશમ્સ સાહેબ ફરમાવે છે હરેકે હરેક માણુસનાં ઉપર તોબા કરવાની ફરજ છે; માટે તું તારા મરવાના વખત સુધી તોબા કરતો રહેજે જ્યાં લગણુ તારા શરીરમાં પ્રાણુ છે ત્યાં લગણુ તું તોબા કરતોજ રહેજે. જેવો કાફર લોકો છે તેઓનાં ઉપર પણ તોબા કરવાની ફરજ છે શા માટે ? તેવો જો તોબા કરે તો ખુદાવંદ આલમીન તેઓના ઉપર બક્ષીસ કરે ! કેવી બક્ષીસ કરે છે ? કે ઈમાન રૂપી મોતી તેનાં દીલમાં પેદા કરી દે છે ! વળી તેવોને નાશુકરીની હદમાંથી કાઢી શુકર કરવા વાળાઓની હદમાં લાવી મુકે છે. અરે ભાઇયો તથા બહેનો શું આપણા કરીમો રહીમની કુદરત છે ને શું તેવોની આપણા પ્રત્યે લાગણી છે કે ફક્ત તોબા કરવાથીજ એટલી બધી નવાઝેશ ! ત્યારે જેવો હરદમમાં તેને યાદ કરતા હોય તો તેના ઉપર શું નહીં હશે ?

વળી તે કાફર લોકોમાંથી તોબા કરનારને પોતાના નૂરના દરીયામાં મલવા માટે ઉમેદવારોની હદમાં પણ લાવી મુકે છે તે કીસ્તાની કેટલી ભલાઈ તેનો કાંઈ પારજ નથી.

ગુનેગારોંને તેઓના ગુનાહોના લીધે ખાસ તૌબા કરવાની ફરજ છે. જો તેઓ ખરા અંતકરણથી તૌબા કરે તો ખુદાવંદ આલમીન તેઓના ગુનાહોંની માફી બક્ષે છે, તેથી ફરમાં બરદારોનાં માફકતુ પણ તૌબા કરતો રહે.

જેઓ ખાસ લોકો છે કે જેને પીર પયેગંમ્બર વલી મહાત્મા આરફીન કહેવામાં આવે છે તથા ઔ- લીયાઓ છે મોમીનો છે તેવોને પણ તૌબા કરવાની ફરજ છે. જે જે જગ્યા પર તેઓ હોય તે તે જગ્યા પરબી તેઓને તૌબા કરવી જોઇયે.

તેવોને વળી શા માટે તૌબા કરવાની જરૂર છે? તેવોને પાક નુરે ખુદાના પાસેથી નવી નવી કરા- મતો મેળવવા સારૂ તથા ખુદાઇ રસ્તામાં આગળ વધવા માટે.

પાક નૂરે ખુદાના શીવાય બીજા કોઈના સામે તૌબા ન કરવી પણ તે પરવરદીગારના પાસે તો એટલા હદ સુધી તૌબા કરવી કે જ્યાં સુધી તારા

..નમાં પ્રાણુ છે. તૌબાના રસ્તામાં હું પણાને તો તમામ મારીજ નાખવું જોઇયે ?

---

## ફસલ બીજી મહાત્માવોની તાલીમના બયાનમાં.

હઝરત પીર શમ્મ સાહેબ ફરમાવે છે કે મેં તમોને જેમ ઉપરનો કીસ્સો થોડામાં સંભળાવ્યો છે તે પ્રમાણે આ બી સંભળાવું છું તે તું સાંભળતો રહેજે.

શરીયત, તરીકત, ને હકીકત, શરીયત એટલે ધર્મના કાયેદા, તરીકત એટલે સીધોને સાચો રસ્તો, હકીકત એટલે સચ્ચાઈ. એવા ત્રણ તત્વોથી ભરપૂર આ શરીર રૂપી પીંજરૂં ઉત્તમ દરજ્જાનું બનાવ્યું છે. તેના અંદર ઘણી એક ખુબીઓ ભરી છે. તે પાક પરવરદીગારે માણુસ જાતને બખ્શયું છે.

હજરતપીર શમ્સ સાહેબ ફરમાવે છે કે એક દીલ, અને એકરૂહ દરેકના રસ્તાઓમાં મુશ્કેલીઓ છે.

શરીયત, શરીરથી નેકી, નીતી, સદાચરણ, વિચાર, દયા ધર્મ, જીસમાંની બંદગી વિગેરે કાનુનો પાળવાનો રસ્તો બતાવે છે.

તરીકત તમામ સીધાને સાફ સ્વચ્છ દીલને રસ્તો તથા સંતોશ લેવાનો પાકીજંગીનો બતાવે છે.

હકીકત સચ્ચાઇથી આત્માનો એટલે રૂહાનીનાં છુપેલા ભેદોનો રસ્તો બતાવે છે જે ભેદ રૂહાનીનાં અંદર સમાએલો છે તથા દુન્યાંથી બાહેર છે.

રૂહાનીના રસ્તા પર ચાલવા માટે જો તાલીબ આવ્યો હોય તો તમામ દુન્યાવી મોહોટાઇઓ માન મરતબાના વીચાર બીલકુલ એકદમ મુકી દે તેમાંની જરાબી ઉમેદ રાખતો નથી. અગરએ તું તેનો પત્તો મેળવવા માંગતો હોય તો આબાદીમાંથી કદમ ઉપાડીને વેરાનમાં તારો કદમ રાખ. તારા હું પણાની સૂરતને બગાડી નાખ, તારા સરીર રૂપી કીલ્લાને તમામ ખોદી નાખ. અર્થાત્ હું શરીર છું. જીસ્મ છું, તન છું, પ્રાણ છું, બ્રાહ્મણ છું, શુદ્ર છું, વૈશ્ય છું, મુસલમાન છું, પારસી છું, ખોજો છું. વિગેરે વિગેરે મંન બુદ્ધી અહંકારથી જે નામ ધારણ કરેલ છે તેને જડમુળથી કાઢી નાખ સબબકે આપણે વાસતવિક રીતે વિચાર કરી જોશું તો જેમાંનું આપણને ભાન રહેલું છે તેમાંનું

કર્મુએ આપણું નથી. આપણું જે છીયે તે ફક્ત આ-ત્માજ છીયે તે આત્મા અથવા રૂહાની, નુરનો કલરોજ છે માટે જ્યારે હું પંણાને નાબુદ કરાય ત્યારે તે નૂરને જોવાય. જેમ એક સીંહાસન પર એક રાજા બેઠા હોય તો તેજ સીહાસન પર બીજો રાજા બેશી શકશે ? નહીંજ કદી નહીંજ તે બનવાનુંજ નથી ત્યારે આપણી કાયા નગરીમાં દીલરૂપી સીંહાસન પર મન રૂપી રાજા બેઠા છે ત્યારે આત્મા રૂપી રાજા કયારે બેસી શકશે. ને તે ત્યાં સુધી નુરને જોવાય પણ નહીં માટે તારા હું પણાનો જે જાહેર શરીરનો ભાન છે તેને મૂળમાંથીજ ઉખેડીને કાઢી નાખ.

ઇબાદત બંદગીથી તારા દીલરૂપી શેહેરને વસાવ. હીંમતથી તારા રૂહને તથા દીલને ખુશકર જો તને પ્રેમ અગ્ની ઉતપન થશે ને બેકરારી નૂરી માશુકની જુદાઈની પ્રાસ થશે, તો પછી તે રસ્તો તને ચાલવા માટે કાંઈ પણ મુશકીલ નથી. પણ પહેલા તું તારા દૈવતનાં ભાનને મુકી દે પછી રવાનો થા. ખાસ તું તારા નફ્સનો ગુરૂ પોતેજ બન કે કોઈ બી દુશમન

તારા ઉપર કાબુ મેળવી શકે નહીં, તારા નફ્સમાં જે ખુબીઓ તથા ખ્વાહીશો છે તે સર્વેને તમામ મુકી દે. ને દીલની ખુબીઓ તરફ હમેશાં ઈબાદત બંદગીમાં મશગુલ રહે. તારા નફ્સની તારીફાં જે છે તેને એકદમ મુકી દે ને તારા દીલનાં અંદર જે તારીફો તથા ખુબીઓ ભરેલી છે તેને શોધ તને મુબારક થાય જે રૂહાનીની અંદર ખુબીઓ છે તેમાં હરકતો કરનાર શોક છે. હીર્સહવા છે તેને એકદમ અટકાવ કારણકે તેજ નડતર કરતા છે. કોઈ વખત ખીયાલો, વિચારોની સૂરત બનીને આંખોના સામે આવી ઉભા રહે છે ને તેની લઝઝત બતાવે છે. એટલે તેઓજ રૂહાનીના રસ્તામાં બંધન કરતા થઈ પડે છે માટે તેને મુકી દેવાં જોઇયે.

જ્યારે દીલ તમામ ખૂબીઓ રૂહાનીની અખતીયાર કરી લે છે ત્યારે તે મકબૂલ થાય છે ને બધા દીલોમાં જગ્યા પામે છે ફરમાવે છે કે બધા માણસોની ફરજ છે કે જ્યાં સુધી તેઓની ઝીંદગી આ દુન્યામાં હસ્તી ધરાવે છે ત્યાં સુધી તેઓ પોતાના ઉંડાણમાં ઉતરી

જે દીલ છે તેની ખુબીઓ તથા નૂરે ઝહુર પાક નૂરે ખુદાને તથા પોતાના રૂહને શોધી કાઢે.

---

## ફસલ ત્રીજી વઝુનાં બયાનમાં.

હઝરત નબી મહમદ મુસતફા (સ૦) મુસલમાનોનાં સારૂ જ્યારે વઝુનો કાયેદો મુકરરર કર્યો ત્યારે તે કાયેદો તેઓના માટે એક હથીયારનાં સમાન ઉપ્યોગમાં લેવા ફરમાવ્યું. પીરશમ્સ ફરમાવે છે વઝુ કરવું તે ઝાહેરની પલીદીથી પાક રહેવાનું છે તથા દીલની પલીતીથી પાક થવાનું તે કામ છે? કે બુરાઇયોથી બચવું. દુવા, બંદગી, નમાઝનો જ્યારે જ્યારે વખત આવે ત્યારે ત્યારે તું તે વખત પર બરોબર હાજર થઈ જા અને નમાઝ દુવા પડવા વખત ખુદાઈ જગ્યા ઉપર એટલે કે જમાતખાના વગેરે જે જે ધર્મની જગ્યામાં જમાતો ભેગી મળે છે ત્યાં જવું ત્યારે તેઓનો માન મરતબો રાખવો જોઇયે એ પણ ફરઝ છે. તમામ ફરઝોને તાબે થઈ તેને બરોબર પાળવી જોઇયે.

એક વખતની નમાજ અથવા દુવા સારૂ ઈન્તઝાર રહેતો જા. ખુદાવંદ તઆલાનો ઝીકર તથા તેને મ-ળવાની ફીકરમાં નીરંતર રચ્યો મચ્યો રહેતોજા. વગર મતલબની વાતો ન કર. જો તે કરીશ તો તારા દીલમાં ખલલ પડશે.

ખુદાવંદ તઆલાનાં પાકનૂરમાં તારા દીલને મળવા માટે અને તે તરફ તારા દીલને રૂજુ કરવામાં તને હરકત ન થાએ. તથા અહોનીસ જાપના અંદર પણ ખાંમી ન આવે. તું જ્યાં, જ્યાં, રહે ત્યાં, ત્યાં ઝીકરે હક કરતો રહે. અને ખુદાવંદ કરીમ તને જે હાલતમાં રાખે તો તે હાલતમાં તું દીલ જાનથી તે પાક નુરના શુક્રાનાં બજાવતોજા. વળી તૂં જ્યાં રહે ત્યાં, ત્યાં તે પાક નુરે ખુદાનાં સાથેજ રહેતો જા. તારા શરીર રૂપી હું પણાનાં ભાનથી અજાણ રહેતો જા. ને તે ખુદાવંદનો આશના રહે તથા તેનો દોસ્ત બન. તે મહા બૂબનાં શીવાય તારૂં દિલ કોઈથી લગાડતો ના. સબબકે શએતાનનો કાબુ તારા પર ન થાએ જે તારી પાંચ ઇંદ્રિઓ હવા હીર્સની છે તેને મુસકે-

દાનઃ ચોરના જેમ બાંધ. જ્યારે તે ચોરને બાંધી લીધો ત્યારે ધાસ્તી વગરનો થઈ રહેને ખુશી થા.

પછી તારી બંદગી રૂપી ખઝાનો તે મહાતૂબના આસ હેઠળ ઘણોજ ઈઝ્ઝત ને હુરમત સાથે પાક દરગાહે ઈલાહીમાં લઈજા. તને એવી ઈચ્છા થતી હોયે કે હું મારા પાક ખુદાવંદ આલમીનના સાથે વાતચીત કરૂં. ને તે મારા સાથે વાત કરે તથા ઉત્તમ કલામની ફરમાએશ કરે. તો તૂં તેની તારીફના પાક કલામ પડ કે જે અસલનોજ છે નવો બનાવેલ નથી. જે તેના તરફથી આપણને ઈનાયત કરવામાં આવ્યો છે. તે તું પડતો રહેશે તો તને ખુદાના પાક કલામ સંભળાશે, જેને અલસ્તીનો આવાઝ કહે છે. પસતાવો કરવાને તું તારો ઇમામ કર કે તે તને રસ્તો બતાવશે તથા તું પએરવી કરતો રહે હમેશાં તારા દીલ વ જાનથી વળી પણ તારી ઈચ્છા હોય કે હું મારા રૂહાની દોસ્તનાં સાથે કલામ કરૂં તો તુ તારી બંદગી તથા નમાઝને હુવાસ્માં તારા દીલને તે દરગામાં પહોચાડ. જયારે રાત આવે ત્યારે તારા શ્વાસોશ્વાસને

તેની બંદગીમાં તમામ ઉભો રાખ, કે જેમાં ખંડત ન પડે. ને જ્યારે દીવસ આવે ત્યારે રોઝા રાખ. સવાલ રોઝા કેવા? જવાબ પાંચ ઈંદ્રીઓનાં સર્વને પાક રાખવાનાં નેકીના અમાલો કરવાના. રાત અને દીવસ જ્યારે તારી બંદગી નેકી ને નીતી બરોબર થઈ જાશે ત્યારે જે જે કામો તને મુશકીલીના લાગે છે તે તને આસાન થઈ જાસે. તથા તે દરજ્જાને તૂં પામી શકીશ.

---

## ફસલ ચોથી દુન્યા તજી દેવાના બયાનમાં.

શમ્સ સાહેબે ફરમાવ્યું છે કે દીનના માટે તું દુન્યાને મુકીદે. ફક્ત એકલા ખુદાના ઉપર ભરોસો રાખ જય રે પાકા ઈમાનથી તને ખાતરી છે કે મને આ દુનીયા રૂપી ઘર મુકીને જરૂર જાવું છે ત્યારે તુ શા માટે તેના અંદર તારા દીલને લગાડે છે. તારી બાયડી બચ્ચાના સાથે તને દીલ ન બાંધવું જોઈયે. તારૂં દીલ તો ફક્ત તારા માશુકના સાથેજ બાંધવું જોઇયે. અને તેનેજ તે અર્પણ કરવું જોઈયે. તે

ગફ્લત શું સારી છે કે જેણે અમોને આંધળા બનાવી દીધાં છે? મોતની તમામ યાદી ને ભુલાવી દીધી છે. હવે તું દુન્યા તથા દુન્યાનાં લોકોના સાથે રહેવાથી તીરના માફક ભાગ જયારે તું દુન્યાથી ભાગે ત્યારે તું દરવેશોથી મળતો રહે તેએમાં હળીમળી જા. રાતને દીવસ પાક ખુદાવંદ આલમીનની તારીફ તથા નેક નસીહતમાં મશગુલ રહેતો જા. દુન્યાના સાથે વેહેવાર મુકી દે. મુસાફરોના માફક હમેશાં ઉદાસને ગમગીન રહે તેમાં જો તારા દીલને સંતોષ આવી જાએ તો ઘણુંજ સારૂ તથા મુરશીદ રાહનુમાની તને દુવા મળી જાએ તો ઘણુંજ સારૂ થાએ ને તેના તરફથી તને સાક્ષી મલે કે આ શખ્સ દીનનાં રસ્તામાં બરાબર છે તો તને ઘણો ફાયદો હાંસલ થશે.

## ફસલ પાંચમી પીરની તલબમાં.

નવા મુરીદ બનવા વાળાના હકમાં મુરશીદ કરવા શીવાય બીજી કોઈ સારી તથા ઉત્તમ ચીજ નથી કે તે

કરે ! કામીલ મુરશીદ ન કરે ને ફક્ત ગોશેનશીનજ રહે એટલે કે એકાંતવાસ અખત્યાર કરે તેના કરતાં પણ વધારે બહેતર તો એજ છે કે કામીલ મુરશીદને શોધી તેના પાશે જઈ બેસે તો તે મુરશીદ તને નેકી તથા બદીથી માહીતગાર બનાવશે. તથા ઇલ્મે ( લદુન ) માં અરેફતનું જ્ઞાન રૂહાનીનું છે તેની તને યાદી આપી છુપેલા ભેદો બતાવશે. તેનો હું એક દાખલો ટાંકી બતાવું છું તે તમો ધ્યાન દઈને સાંભળો. જે શખ્સો પીર મુરશીદ વગર ઈબાદતનું કામ કરે છે તે જાણે પોતાના માટે હલાકી શોધે છે. ને નુકસાની કરી લે છે. જેમ એક વહાણમાં માલમ ન હોય અથવા આગબોટમાં કેપટન ન હોયે તો તે વહાણ તથા આગબોટ ડુબ્યા શીવાય રહેતી નથી. તે રાહબર વગર બીજો કોઈ તે વહાણમાં હોયે તો તે પણ ડુબ્યા સીવાય બીજો કાંઈબી ફાયદો પહોંચાડી શકતો નથી તેમજ મુરશીદ વગરની ઈબાદતને સમજવી જોઈયે.

દીનના રસ્તામાં ધાસ્તીઓ ધણી હોય છે જેમ એક ગુલાબનું ફુલ ધણી ખુશબો વાળું હોય, તેના

અંદર કાંટા પણ હોય છે તેવીજ રીતે ધર્મના રસ્તામાં પણ મુશકેલીઓ ને ધાસ્તી હોય છે.

એકાગ્રતાથી ધ્યાન લગાડીને તારા દીલના નુરની બતીરોશન કર. રાત દીવસ ધ્યાન લગાડી એકાગ્રહતાથી બંદગી કર. થોડું બોલવું, થોડું ખાવું, થોડું સુવું, તથા નેક માણુસની સંગત કરવાની આદત કરવી જે માણુસ રાત દીવસ તે પાક નૂરનુ ઝીક્ર કરતો રહે છે તથા તેમાંજ પોતાનો આખો વખત પસાર કરે છે તેનાં કામો સફળ થઈ અનજામને પામી શકે છે. અને તેવાના ઉપરજ ખુદાવંદ તઆલાના ફઝલો કરમ થાય છે.

માટે તેવા શખ્સોથી મલતો રહે તેઓના દીલમાં સફાઈ આપો આપ પેદા થાયે છે. તેઓના કામો જે અટકેલા હોય છે તે પલવારમાં થઈ જાયે છે. બાજ પક્ષીના જેમ તારી બે આંખો બંધ કરી લે. ને એકાગ્રહતાથી ધ્યાન ધર, તો જે ખોવાયલો અવાઝ તારા દીલનો છે તે તારા સાંભળવામાં આવશે. માઅરેફત

રૂપી લાડી જ્યારે ઘુમટો તારા સામે ખોલે. તો એ-
તાના હુસ્નથી તે તારી અકલને લઇ જાશે. પછી એક
પલવારમાં તને ખુબીઓથી ભરેલા સીતેર (રસ્તા
પોત પોતાની કેફીયતના સાથે દેખાડશે! જ્યારે
એ રાઝ તારા પર ખુલ્લી જાએ તે વખતે તું આ
શરીરમાં હોતો નથી. એટલે માટી તથા પાણીના દર-
જ્જાથી તું દુર થઈ જાયે છે! પછી તેવી સ્થીતીમાં
નૂરના મુકામમાં તું તને જોય છે. એવી એકતાઇમાં
તું તારા નૂરી માશુકના સાથે ઈશ્કની બાજી ખેલતો
રહેશે! તથા તે નૂરે ખુદાવંદ પાક રબીલ આલમી-
નના સાથે તું પરદાર રહીત બનીશ. ખુદાના તથા
તારી રૂહાનીના વચમાં જે જૂદાઇનો પરદો હતો તે
નીકળી ગયો ને તું વગર પરદાનો બની ગયો. એવી
રીતે જો કોઈ પણ શખ્સ કોશેષ કરશે તો તે જુદા-
ઈથી છુટી વગર પરદાનો થઇ નૂરમાં લીન બની જાશે
ને મુક્ત થઈ મનઝીલે મકસુદને પહોંચશે.

## ફસલ છઠી ગોશે નશીનીનાં બયાનમાં

આએ રસ્તામાં માણુસને ખીલવત પસંદ કરી તનહાઈ કરવી જરૂર છે. તો તોહીદની મુશકીલ આસાન થઇ જાય. સઉથી પહેલાં માણુસને તનહાઈ જોઇયે. પાક નૂરે ખુદાથી દીલમાં ખીલવત પસંદ કરવી જોઇયે.

એકતા જોડવા માટે તને સંતોષ તથા શાંતિ લાવવી જોઇયે. યાને સબર અખતીયાર કરવો જોઇયે. ગરીબીની તમામ કઢંગી હાલતમાં ફાકા કશીની હાલતમાં તને જવાન મર્દના માફક રહેવું જોઇયે. કારણકે કોઈ બે સબરનો ખીયાલ દીનના દરવેશોના દીલરૂપી મુલકમાં રહી જાય છે તો તેઓને તવક્કલના રસ્તામાં પાસ કરીને ઘણું નુકસાન પહોંચે છે. તું તારા શરીર ઉપર ફકીરીનો લીબાસ પહેર દુન્યાંનાં વીશ્ય વાસના રૂપી ઝાડની જડને ઉખેડી નાખ ખુદી રૂપી હું પણાને જ્યાં સુધી મુકી દઈશ નહી, ત્યાં સુધી તારા સામેથી પડદો કેમ ઉઠી શકશે ? દીનનાં દરવેશોની જગ્યા ઘણા મોટા મરતબાની છે પણ તેના અંદર હું, તું,

તથા મારૂં તારૂં એ સખ્ત હરામ છે. સાચા માણુસના શીવાય આ તરફનો રસ્તો કોઇને મળી શકતો નથી. આશકના શીવાય બીજા કોઈ શખ્સની ( સમાઈ ) ત્યાં થઈ શકતી નથી. ફકીરીનો તરીકો તે એક ઘણોજ મુશકીલ રસ્તો છે. તે મુસાફરીમાં ઈમાનનો ખરચ પુરે પુરો જોઇયે. જેમ દુન્યવી મુસાફરીમાં પૈસાનો ખરચ જોઈયે તેમ અહીં ઈમાંન દીલનો પુરેપુરો જોઇયે. આ રસ્તામાં ઘણુાએ રસ્તો ભુલી ગયા છે તેઓ ઈમાનની ઝરુરી પોતાના સાથે નહીં લઈ ગયા તેથી. તે રસ્તો જીવથી ચાલવાનો છે, પગથી ચાલવાનો નથી ( પહેલાં તારો જીવ આપી દે ) ને પછી તું દાખલ થા. જીવ આપવું એટલે જીવ પણાનો ભાન ફક્ત મનથીજ મુકી દેવું. પેટ ભરનાર શખ્સો આ વાતોને શું જાણી શકે ! જે શખ્સો પોતાનાં જીવ અને શરીર એઉને તે રસ્તામાં અર્પી દે. તેના શીવાય બીજો કોઈ જાણી શકેજ નહીં ! કારણ કે તે રસ્તો દીનનાં ફકીરોનો દીલનાં અંદરનો છે ! ) અર્થાત તેઓને તે રસ્તામાં ગમે તેટલી અજાએબીઓ જોવામાં

આવે અથવા પ્રાપ્ત થાયે, તો પણ તેઓને રસ્તામાં શુક્ર કરી બેસી શકતા નથી ! સબબ કે મહાત્માઓને તેમ બેસી રહેવાની સખત મનાઈ છે. અગર ચે તેઓ બેસી રહે શુક્ર ગુઝારી કરીને તો તેઓ આગળ વધી પાંચમી મનઝીલ જે બે નિશાન મુકામ છે ત્યાં પહોંચી શકેજ નહીં ! માટે ઈન્તઝાર રહી આગળ ને આગળ વધે છે. આએ જંગલમાં ઘણા ખોફ ને ખતરા છે માટે ધાસ્તીનો ગલબો દીલ પર ન જોઇયે તેમ ઉમેદનો પણ ખીયાલ દીલ પર ન જોઇયે. બેઉના દરમ્યાન આબીદને રહેવું જોઇયે.

## ફસલ સાતમી પહેછાનોયતના બયાનમાં.

જ્યારે માઆરેફતનો કલામ શુરૂ કરૂંછું એટલે મારા મોઢામાંથી કાઢું છું ત્યારે દીલ રૂપી દરીયામાં ઉત્તમ મોતી કાઢુ છું. જે લોકોને માઆરેફત પ્રાપ્ત થઈ છે તે લોકો ખુદાવંદ આલમીનનાં નઝદીકના મર્તબા સુધી પહોંચી ગયા છે.

હવે તને તારા પોતાના માટે ચીંતા કરવી જોઇયે કે થોડી માટી લઇને તેમાંથી ખુદાવંદે મારા શરીરનો ખમીર બનાવ્યો છે. શું તે પાક પરવર દીગારની ખૂબી તથા કુદરત છે કે તે સાહેબ થોડીકજ માટી લઇને તેમાંથી માણુસના શરીરની સૂરત બનાવી છે. જવાહેરોથી જન્નત બક્ષી. તેઓમાં રૂહ ફુંકી ને શરીરમાં જીવ નાખ્યો. આંખોને જોવા માટે રોશની આપી છે. કમરને બેસવાની તાકાત આપી છે. ઝબાનને મીઠાસની તથા બોલવાની તાકાત આપી કે બોલે. અકલને પહેછાનીયતની તાકાત આપી કે તેથી સર્વ ચીજોને જાણી શકે તથા ઓળખી શકે ને શોધી શકે ભેદોને હાથો તથા પગોને પણ કામકાજ કરવાની તથા ચાલવાની તાકાત આપી છે. એવી રીતે સર્વે શક્તીઓ બક્ષી આ શરીર માટીમાંથી બનાવ્યું છે ને અંતે માટીમાં મળી જશે. ત્યારે હું મારો જીવ દેવામાં શા માટે ગમગીન થાઉ એવી રીતથી જ્યારે તું ખુદાને ઓળખે ત્યારેજ ખુદાની મુલાકાતનો લાયક થઈને ખુદાને પામીશ.

# ફસલ આઠમી ઇશ્કના બયાનમાં.

મારૂં શરીર જીવના સાથે આ દુન્યામાં આવ્યું એકલા દોસ્તના સાથેજ આવ્યો છે.

હવે મારો અસલનો દોસ્ત છે તેને મળવા માટે મારૂં દીલ બે ટુકડા થઈ ગયું છે. ને મારૂં જીગર ઇશ્કના જોશથી તથા જુદાઈના ફીરાકથી તમામ ખૂનથી તથા દર્દથી ભર્યું છે. મહોબત દીલમાં ને ઈશ્ક રૂહમાં છે મારૂં શરીર તે ઈશ્કની ગરમીથી ઝુલ્ફોનાં માફક એક માશુ-કના અંદરંજ મલેલું છે. જેમ વાળ માથાના એક બીજામાં મળેલ છે તેમજ પીર શમ્સ ફરમાવે છે કે જેનામાં જા-હેરની સૂરત પર મહોબ્બત હોયે છે તેજ સૂરત જરૂર આશક બનશેજ આ માથામાં જે આંખો છે તેનાથી માશુકને જોવું જોઇયે ! અને પોતાનાં કાનોથી માશુકનો શબ્દ સાંભળવો જોઈયે. સબબકે સરાસર તે બધાઓ મુસ્તાક છે. તે દોસ્તની ખુશબો લેવા માટે તેઓ પણ આશકોજ છે ! દીલના અંદર છુપેલી તેની ખૂબ-સૂરતી છે તેને જોય છે ! અને દીલના કાનોથી તેનો

કલામ સાંભળે છે ! ઝાહેરની તરીકતમાં તું ભરોસાદાર આશક છો પણ બાતેનની હકીકતમાં તું માશૂક છો. જ્યારે કોઈ માશૂકના મોઢાનો આશક થાય છે ત્યારે તે પોતાના માશૂકના ઘરના રસ્તા શીવાય બીજા કોઇનો પતો જાણી શકતો કે આપી શકતો નથી ? જ્યારે તે આશક પોતાનાં માશૂકની તારીફ સાંભળે છે, માશૂકના ઘરના રસ્તામાં જવાથી ! ત્યારે તે મેદાનમાં તે માન મર્તબો હાસલ કરે છે.

આશક જ્યારે પોતાના માશૂકની દરબારમાં જાએ છે; એટલે કે ખુદાવંદ માશુક છે તેની દરબારમાં જાએ છે ત્યારે તેની લઝ્ઝતને કોઈ શખ્સ જાણી શકતો નથી !

પોતાનો ભેદ ખુલ્લે ખુલ્લો તે જોઈ શકે છે ! કે હું પોતે મારીજ ખૂબસુરતી પર આશક હતો ! ને હવે મારૂં પોતાનુંજ મોઢું હું જોઉ છું ! તથા મારો પોતાનોજ હું માશૂક હતો !

## ફસલ નવમી ફના અને બકાનાં બયાનમાં.

પીર શમ્સ સાહેબ ફરમાવે છે કે ઈબાદત બંદગીમાં પોતાના શરીરના ભાનને ભુલી જઈ એટલે તે ભાનને મૂકી દઈને તું બંદગીમાં લીન બનશે તો જાણે તું તારા શરીરમાંથી નીકળીને મરી ગયો, ને વળી તું તે વખતે પોતેજ તારા મોતને જોઈ લેછે અથવા જોઈ શકીશ. ત્યારે તને તેમાંથી અમરપણું પ્રાપ્ત થઈ શકશે ! તે અમરપણામાંથી તારી રૂહાની હમેશ માટે કાયેમ જીંદગી ભોગવશે કે નહીં તે તું ખુદ જોઈ શકીશ ! એટલે તે રૂહ હમેશના માટે અમર રહી શકે છે. અગર એ ખુદાના સાથે એ ખલાસમાં જો તું ફના થઈ જાય તો તું હમેશાં ખુદાના સાથે હયાતી ભોગવવા પામે ! દુન્યાની ઈચ્છાઓને તદન મુકી દેવી તેનું નામ ફના રાખ્યું છે. બકા તેની તમામ સીફતોનો શુમાર કરેલ છે. કોઈ નબીઓના માટે મોત નથી ! તથા પવીત્રતાઈને પરેહજીમાં બી કોઈના સારૂ મોત નથી ! બલ્કે તેઓનું

મરવું તે એક ઘરમાંથી નીકળીને બીજા ઘરમાં જવા જેવું છે! અને દુન્યાનાં કામોથી ધંધાથી જુદુ થઈ જવા જેવું છે! જ્યારે તે તારી સાથે છે, ત્યારે તું પણ તેની સાથે રહે! તારા દીલને ખુદાની સાથે ખૂબ સાફને પાક તેના જેવુંજ કરી લે!

---

## ફસલ દસમી સફરનાં બયાનમાં.

પીર શમ્સ સાહેબ ફરમાવે છે કે તુ હમેશાં ખુદાવંદ આલમીનના પાસે જવા માટે સફર કર તે રસ્તા પર ચાલવામાં મશગુલ રહે. તારા પગને બચાવતો રહે ગળાથી તથા કુવાથી કેમકે રસ્તો ઘણો દુર દરાઝનો છે. તથા મથક ટોચ વગરનું છે. ત્યારે તારાં ઈમાન રૂપી સામાન અર્થાત પૈસો સાથે લઈ તેની મેહેરબાનીની બક્ષીસ પર ભરોસો રાખીને આગળ ચાલ તારી સૂરતમાંથી પગ ઉપાડીને ત્યાર પછી રવાનો થા. પહેલાં તોબા કરીલે! પછી ચાલવા માટે રસ્તો શરૂ કર જે મનઝીલ તારા સામે આવે તે મનઝીલમાં

તને રહેવું ન જોઇયે. હરેકે હરેક મુલકમાં અજાએ: બીઓ જોશે હરેકે હરેક દુન્યામાં મોહીત થવા જેવું જોવામાં આવશે. મુસાફ્રી તારા શરીરમાજ તને કરવી જોઇયે. દુન્યાના રસ્તાની તને ઝમીન કાપવાની નથી. દીલનો રસ્તો નઝદીકનો છે. પણ બેદીલીના સબબથી છે. જો તું એક દીલ થઈ જાએ તો મર્દે ખુદા કહેવાશે. આ રસ્તામાં જે કાંઈ અસલ કામ હતું તે મેં પરશીયનની કવીતામાં ગાઈ બતાવ્યું છે. દસ ફ્સલોમાં મુરીદ લોકોના માટે એટલુંજ બસ છે. ધર્મના રસ્તામાં શફા આપનાર તેજ છે. હીઝરી સન સાતશોને સતાવન હીસાબ કરનારના હીસાબ કરવાથી થયા હતા ને તેથી તારીખ થઈ પીર ફરમાવે છે કે મને જે વાઝબી લાગ્યુ તે આ નાની કીતાબમાં મેં લખી બતાવ્યું છે. તે પુરૂં થયું. ઈલાહી આમીન

લુકમાન હકીમ સે રીવાયત હયે મયને બહોતસે પયગમ્બરોકી ખીદમત કરકે ઉનસે સાત હઝાર કલમાતે નસીહય હાસીલ કીયે ઔર ઉન સબકો જમા

કરકે ઉનમેંસેં યેહ સાત કલમાતે ચુન લીયે હુયે જો શખ્સ ઉનપર અમલ કરેંગા ખુદા શનાસી હાંસલ કરેગા વોહ યેહ હુયે.

૧ યેહ કે કે જબ નમાઝ ઔર દુઆમેં ખડે હો, તો દીલકો સંભાલે રહો. યાને દીલભી દરગાહે ઇલાહીમેં હાઝીર રહે !

૨ જબ કીસીકે ઘર જાઓ તો અપની આંખકો સંભાલે રહો, આંખસે ખ્યાનત નહોને પાવે યાને કીસીકા માલો ઝર યા બહુ બેટી ન તાંકો ઔર ન કોઈ અએબ જોઈ કરો.

૩ જબ ગુસ્સાઆએ તો અપને આપકો સંભાલે રહો, યાને અપને આપસે બાહેર નહો જાઓ.

૪ ખુદાકો બુઝુરગી વ બુલન્દી યા કીસી હાલતમેં ન ભૂલો.

૫ મૌતકા ખીયાલ દીલસે મીટને ન દો.

૬ કીસીકે સાથ નેકી કરો તો ભૂલ જાઓ.

૭ કોઈ તુમ્હારે સાથ બદી કરે તો ઉસકોભી ભુલા દો.

અએ અઝીઝ ઈન નસીહતો કો યાદ રખકે જીનેહુ ઉમ્ર ભરમેં મયેને સાથી રખી હુયે. ઔર મયેને આપને વાલીદસે સુના હુયે કે મેરી પયેદાયશકા મુકામ હુજબબેર હુયે ખુદા ઉસસે આફતો ઔર હાદેસોં ઔર ઝાલીમ બાદશાહોંસે બચાયે રખ્ખે. ઔર ઉસમેં મયેને બહોતસે અજાયબાતદેખે હુયે. અગર તહેરીર કીયે જાયે તો કલમ સીયાહુ આંસુ બહાને લગ જાયે. વહાં એક બુડહે આદમીથે શેખે બુઝુર્ગ ઉનકા નામ મુજસેં કહા ગયાથા. ઉન્હોને એક દીન મુજસે ફરમાયા કે અયેઅલી કોઇ અયેસી કીતાબ ઈસી ઉમ્રમે તસનીફ કરકે તેરી યાદ રહે જાએ. મયેને એર્ઝ કી કે અયે શેખે બુઝુર્ગ મયે ઇલ્મસે ના વાકેફ હુ કે અભી બારા સાલકી તો ઉમ્રહી હુયે મગર જબ ઉન્હોને ઈસરાર ફરમાયા તો મયે ને ઉસી શહેરમેં જો એક કીતાબ તસનીફકી હુઇથી ઉનકો દેદી દેખકર ફરમાયા કે તુ દીનમેં બહોત બડહા શખ્સ હોયેગા. મયેને

ક્હ્યા આપની નઝર મેહેરબાની હુયે. ખેયર ઉસ બુઝુર્ગસે મુજેહુ યેહ બાત યાદ હુયે જો ઉન્હોને કહીથી કે લોગોકો ચાહીયે અપને માશુકકે સાથ મહોબત કરે. ઔર માશુક સીવા ખુદાકે કૌન હો સકતા હુયે! જો કોઇ ઉસકો યાદ કીયા કરતા હુયે, ખુદાભી ઉસપર મહેરબાની ફરમાતા હુયે.

નસીહત્તનાં વચનો.

## બીસ મીલ્લા હીર રહેમા અર રહીમ.

એક બુઝુર્ગસે રીવાયત હુયે કે યેહ દસ ચીઝે દસ ચીઝોકો ખા જાતી હુયે સો ધ્યાનસે સુનો.

૧ ચીઝ ગુનાહોંકો—તૌબાહ.

૨ ,, રીઝકકો—જૂઠ.

૩ ,, નેક કામોંકો—ગીબત યાને કીસીકો ઉસકે પીછે બુરા કહેનાં.

૪ ,, ઉમ્રકો—ગમ.

૫ ,, બલાઓકો—સદકા.

૬ „ અકલકો—ગુસ્સા.

૭ „ સખાવતકો—પશેમાની.

૮ „ ઇલ્મકો—તકબ્બુર.

૯ „ ઝુહ્દકો—અહલ.

૧૦ „ બહીકો—નેકી.

યસ મુજસે યેહ બાતે યાદ રખ્ખો ઔર હર એક તાલીબે ઇલ્મકો ચાહીયે કે ઇનપર અમલ કરે ઔર મેરી મગફીરતકે લીયે દુવા કરે ઇલાહી આમીન તમામ હુઈ નસીહતેં વ શમ્સકી કીતાબ સબ મોમીનીનો પર દુવાઓ સલામ. રસુલો પર સલવાતો સલામ.

### ખાસ વનસપતીની બનાવેલી દવાઓ, અમારે તીયા મલશે.

## તાપથી પીડીત દરદીઓને

# ખુશ ખબર.

અમારે તીયાં ઘણીજ ઉત્તમ સરસ વનસપતીની બનાવેલ જાણીતા વૈદની દવાઓ છે. એક વખત વાપરી ખાત્રી કરવા ખાસ અમો ભલામણ કરીયે છીયે. મલેરીયા તાપ માટે તો તમામ અકસીર છે તથા એકાત્રીયા તાપ મુત્રીઆ તાપ ચોથીઆ તાપ હાડમા તાપ વીગેરે વીગેરે ઘણાં તાપને મીટાડી દરદીને ઘણોજ આરામ આપેછે. તથા શરીરમાં થતી કળતર સાણુકા નીકળવા અંગના દુખારા સરદી લેસ સળખમને તમામ નાબુદ કરેછે. કવીનાઈનના ઠેકાણે ઘણીજ સરસ અસરકારક છે. હમણાંના વખતમાં કવીનાઈન ઘણો મોંગો છે. તેના ઠેકાણે આ અમારી ગોળીઓ ઘણી સસતી ને સરસ લાભ આપનાર છે.

વળી કવીનાઈનથી માણુસના કાનને બહેરાપણું આવી જાયેછે પણ અમારી ગોળીઓથી તેમ થતું નથી વધારે ગુણુ બોલવા તથા સાંભળવા કરતાં વાપરીને ખાત્રી કરવાથી સમજાશે. કીમત બાટલી નં ૧ નો ફક્ત રૂ. ૧ જ છે.

શ્વાસ તથા દમ, હાફણુ, ખાંસી વીગેરે તમામ છાતીના દરદો માટે તથા ક્ષય, સસણી માટે ઘણોજ અકસીર ઇલાજછે. અજમાવી ખાત્રી કરી જોશો.

અમારી ગોલીઓ ફક્ત વનસપતીથીજ બનેલીઓ છે, તેમાં કેફી ચીજ કે કોઈ પણ નુકશાંન કરતા ચીજ બીલકુલ છેજ નહીં.

દમ, હાંફણુ, સ્વાશ. ક્ષય. ખાંસી વીગેરેને મટાડી દરદીને નવી જીંદગી બક્ષે છે. તથા છાતીના ફેફસાના દરદોને નાબુદ કરે છે. ઘણાં માણુસો આ ગંભીર દરદોથી અતી પીડી થઈ પોતાની જીંદગીનો પ્રરીબર

લાભ લઇ શકતા નથી તેઓને ખાસ ભલામણ કરીયે છીયે કે એક વાર અમારી દવા ખાઈ અજમાએશ કરી જુવો.

આ ઉપર લખેલ દવાઓ કરતાં વધારે બીજીયું તંમામ દરદોની દવાઓ આરદર આપવાથી બનાવી આપવામાં આવશે.

ઠે. દ. ઉદભાઇ સાલેહમહમદ.
હાસમ પ્રેમજીના માલામાં-મુંબઇ.

**છપાય છે! છપાય છે! છપાય છે!**

મસનવી મૌલાના રૂમની ગુજરાતી ભાષા તથા ગુજરાતી હુરફોમાં સર્વ બેહનો તથા ભાઇયોને ઘણીજ વાચવા સગવડ પડતી રીતીથી ચોખ્ખી સરળ ને સ્પષ્ટ ભાષામાં છપાએ છે, તે ચોપડીના અંદર પ્રકરણો લગભગ ૧૫૦ થી ૨૦૦ આવશે. જેમાં તમામ ફીલાસુફી આત્મજ્ઞાન, મારીફત, થી ભરપુર, તથા દુનીયા શું ચીજ છે? અજ્ઞાન શું છે? જ્ઞાન શું છે? આપણે પોતે શું છઇયે? કયાંથી આવ્યા છઇયે. ને વળી કયાં જશું? તેના માટે ઘણાજ ખુલાસા વારતા રૂપમાં આપેલ છે. માટે વાંચનારને અગવડ ન પડે તેમ કંટાળો પણ ન આવે ને ઘણીજ રમુજી સાથે નોવેલ વાંચવાથી જેમ ખેંચાણ થાયે છે. વળી તે ચોપડીને મૂકવા દીલ ન થાએ તેવા ઢબથી લખાણ કરેલ છે. ઈશ્ક, અકલ, વીવેક, ધ્યાન વૈરાગ્ય, સંસાર, નીતી, રીતી, ગુણ, ફ્રેબ, મકર વિગેરે સર્વ સંબંધી ઘણુંજ ઉત્તમ જ્ઞાન દાતા છે. ભોળા લોકોને ફ્રેબી લોકો કેમ ફસાવે છે અને તેનું અનજામ આખરે શું

આવે છે વિગેરે વિગેરે ઘણીયુ બાબતુનો બહુ લંબાણ નહી તેમ ઘણો ટુંક પણ નહી મધ્યમ ભાગમાં ખુલાસો આપેલ છે, તેમ ઘણા દાખલાવો ટુકમાં પણ આપેલ છે કે લોકોને વાંચવા પ્રીય થઈ પડે ને તરત તેનો ખુલાસો પણ ઘણીજ સહેલાઈથી સમજી શકે તેવી રીતે કરેલ છે માટે આશા છે કે સર્વ સદગ્રહસ્થો એવા લાભની તકને જવા દેશે નહીં. વહેલા વહેલા નામો નોંધાવો.

રૂહાની સાથે સવાલ જવાબ કરનાર આશકની કીતાબ પણ છપાંયછે–( કલામ રૂહાની નામની ) તેમાં ફક્ત એક આશકે પોતાની રૂહાનીના સાથે શું શું સવાલ જવાબ કરેલ છે. તેજ ખુલ્લે ખુલ્લુ સ્પષ્ટ સમજી શકાય તેવી સરલ ને સીધી ભાષામાં છપાય છે. ઘણીજ પ્રીતીથી ને તમામ મીઠી વાણીથી ભરપુર છે માટે જલદી તાકીદે નામ નોંધાવો.

ઠેકાણું:–હાજીદભાઇ સાલેહમહમદભાઇ.

હાસમ પ્રેમજીના માલામાં–મુંબઇ.

# અગાઉથી ગ્રાહક થનારાઓનાં નામ.

| નકલ. | મુંબઇ. |
|---|---|
| ૫૦૦ | મીસીસ પ્યારલી. |
| ૧૦૦ | રેમતલાભાઈ લાલજી દેવરાજ. |
| ૬૭ | ઉમેદ વાર બાઈ. |
| ૫૪ | ઉમેદ વાર બાઈ. |
| ૨૫ | વારસીઆણી ફાતમાબાઈ હાજી ચારૂ. |
| ૨૫ | સોનબાઈ. |
| ૧૨ | ગુલામાલીભાઈ વરીદ મુખી. |
| ૧૨ | ઉમેદ વાર બાઈ. |
| ૫ | ફીજી બાઇ પીરમામદ વરીદમુ. |

---

૮૦૦ નકલ નંગ ૮૦૦.